જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૧૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૩૩૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૫	૦	૧૨૫	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૫૧૫૭	૩૯	૭૫૧૯૬	૭૬૨૭૧	૩૮	૭૬૩૦૯
કુલ		૯૧૭૫૩	૩૯	૯૧૭૯૨	૧૦૦૭૯૮	૩૮	૧૦૦૮૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૬	૪,૮૮,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૭૪	૩,૭૪,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન

વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ સુચના મળતા જે અન્વયે ડી.વી.તડવી પોલીસ ઇન્સપેકટર શ્રીની સુચના તથા માર્ગદર્શને હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.એન.પી.ગરાસીયા તથા હેડ.કોન્સ. કાનજીભાઇ અમીભાઇ બ.નં.૭૭૯૦ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ગોપાલ શિવાભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.કમલેશકુમાર હસમુખલાલ બ.નં.૬૧૭૭ તથા પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં.૪૯૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના સ્ટાફના પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા પો.કો.ગોપાલ શિવાભાઇ બ.નં.૯૧૨૫ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી સોએબ ઉર્ફે પટેલ સ/ઓ એયુબભાઇ પટેલ ઉ.વ.૨૬ રહે : મ.નં.૬૦૯ ગુલમહોર રેસીડેન્સી છઠ્ઠો માળ,શાહઆલમ પાર્ટી પ્લોટની બાજુમાં બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરી કરેલ એકસેસ નં.જીજે.૦૧.યુ.ક્યુ.૬૨૯૪ કિ,રૂ,૩૦,૦૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૧૬૬૨/૨૦૨૧ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ નો મિલ્કત સંબંધી ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



વોન્ટેડ આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

દાણીલીમડા પોલીસ સ્ટેશનના મારામારીના તથા નારોલ પોલીસ સ્ટેશનના ચોરીના એમ બે ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ હોય જે આધારે આજરોજ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે "નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૭૦/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ આરોપી આકાશ બાબુભાઈ ઓડ રહે.પીરભાઈ ધોબીની ચાલી જમાલપુર અમદાવાદ શહેરનો નારોલ સર્કલ પાસે ઉભેલ છે. " જે બાતમી હકીકત આધારે પંચો સાથે તપાસ કરતાં બાતમી હકિકતમાં જણાવેલ નામવાળો વોન્ટેડ આરોપી મળી આવતાં તેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનુ નામ આકાશ બાબુભાઈ જાતે ઓડ ઉ.વ.૨૦ ધંધો.મજુરીકામ રહે.પીરભાઈ ધોબીની ચાલી ગધેડાવાળી ચાલીની બાજુમાં કુમકુમ હોટલની પાછળ જમાલપુર અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ. જેની પુછપરછ કરતાં તેણે દાણીલીમડા પો.સ્ટે.પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૨૨૧૧૪૦૯/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૨૪, ૧૧૪ મુજબના મારામારીના ગુનામાં તથા નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૬૭૦/૨૦૨૧ ધી ઈપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ચોરીના ગુનામાં વોન્ટેડ હોવાની કબુલાત કરતાં તેને ગુનામાં પકડી અટક કરેલ હોય આમ દાણીલીમડા તથા નારોલ પોલીસ સ્ટેશનના ગુનાઓમાં વોન્ટેડ આરોપીને પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરેલ છે તા.૨૩/૧૨/૨૦૨૧



પાસા અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશન સબંધી ગુનો કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત.

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃત્તીઓ સદંતર નેસ્તનાબુદ કરવા સારૂ યુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહીની પ્રવૃત્તી આચરતા પકડાયેલ ઇસમ હનીફભાઇ ઇશાકભાઇ કુરેશી ઉ.વ.૬૨ ધંધો-વેપાર રહે: ઓઇલમીલની ચાલી, છગનજીનો ટેકરો, બકરામંડીની બાજુમાં રાણીપ અમદાવાદ શહેર નાઓને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા હુકમ નંબર ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૮૧૭/૨૦૨૧ તા.૨૩/૧૨/૨૦૨૧ અન્વયે પાસા હેઠળ અટકાયત કરી આજરોજ તા-૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે અટકાયતમાં રહેવા સારૂ યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર કર્મચારી

(૧) અ.હેડ કોન્સ પ્રવીણભાઇ દલસંગભાઇ બ.નં.૪૦૮૧
(૨)અ.લો.૨.દિલીપભાઇ વીરજીભાઇ બ.નં.૧૧૯૪૬



ચાંદખેડા પોલીસ સ્ટેશન

મિલ્કત સંબંધી પાસા અટકાયત

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા સારૂ આવા ગુનાઓ આચરતા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવા સુચના કરેલ હોય જે અંગે અત્રે ચાંદખેડા પોલીસ સ્ટેશન (૧) ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૧૧૭૧૦/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૪, ૪૫૭, ૧૧૪ તથા (૨) ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૧૧૭૩૨/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબના ગુનાઓમાં ચાંદખેડા વિસ્તારમાં જ્વેલર્સને અડીને આવેલ બાજુની દુકાનોમાંના શટરના લોક તોડી જ્વેલર્સની દિવાલમાં બાકોરૂ પાડી જ્વેલર્સમાં પ્રવેશી કિંમતી સોના-ચાંદીના દાગીનાઓ તથા રોકડ રકમની ઘરફોડ ચોરી કરતાં પકડાયેલ આરોપી ભારતસિંહ ઉર્ફે ભરતસિંહ ગોપાલસિંહ અજીતસિંહ રાઠોડ ઉં.વ.૨૫ ધંધો-નોકરી રહે, રત્નેશ્વરી ડેરી આઇ.ઓ.સી. રોડ ચાંદખેડા અમદાવાદ શહેર મુળ રહે. ગામ-ખેરમાલ તા-આસપુર પોસ્ટ-પાલાથુર થાના-દોવડા જી.ડુંગરપુર રાજસ્થાન નાની વિરુધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૮૧૩/૨૦૨૧ તા.૨૩/૧૨/૨૦૨૧ થી સદરી આરોપીને રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૧ કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપેલ છે. તા.૨૩/૧૨/૨૦૨૧.

કામગીરી કરનાર

(૧) પોલીસ ઇન્સ્પેક્ટર વી.એમ.દેસાઇ
(૨) હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩
(૩) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭
(૪) પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ દીલીપસિંહ બ.નં.૬૬૮૮



મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧)

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે દિપક ઉર્ફે દીપુ સ/ઓ અર્જુનસિંગ ઉર્ફે અબ્બા શિવદયાલ જાતે પાલ ઉ.વ.૨૪ રહે. ગલી નં.૩, સુબાલાલની ચાલી, શાયમનગર ભગવતી સ્કુલ સામે, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૦૧૩૦/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૩૬, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૨૧૫/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૮૧૬/૨૦૨૧ તા.૨૩/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ - રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ - રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૩/૧૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ પી.સી.પરમાર
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૨)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં દેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે દશરથભાઈ મોહનભાઈ જાતે. પટણી(ગાતીવાળા) ઉ.વ.૫૪ રહે. નાનચંદ માવજીદાસની ચાલી, રામજી મંદિર પાછળ, ચમનપુરા મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૦૫૦૫/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(એ), ૮૧ મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૦૬૬/૨૦૨૦ ધી પ્રોહી એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૨૯૨ /૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૪૪૨ /૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૮૦૯/૨૦૨૧ તા.૨૩/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૩/૧૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ પી.સી.પરમાર

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૩)

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે પ્રિતમચંદ વિષ્ણુભાઈ જાતે ચૌહાણ ઉ.વ.૨૮ રહે. ખાડાવાળી ચાલી, ૧૫૧ બ્લોકની સામે, કલાપીનગર, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૪૬/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૩૭, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૯૨/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ : ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૮૦૪/૨૦૨૧ તા.૨૩/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૩/૧૨/૨૦૨૧ ના કલાક ૨૨/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૩/૧૨/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ પી.સી.પરમાર
(૨) પો.કો કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૯૨૧૦
(૩) પો.કો અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭
(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૮ લીટર દેશી દારૂ, ૧૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૩ સ્કુટર કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૩૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૩૩૭/૨૦૨૧**

કાગડાપીઠઃ હરીશકુમાર વિરદીચંદ અગ્રવાલ (ઉ.વ.૬૩) (રહે.ભગવતી ગોગા મહારાજ મંદીર પાસે થલતેજ શીલજ રોડ થલતેજ) એ તા.૨૩/૧૨/૨૦૨૧ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નકોડા કેમીકલના પ્રોપરાયટર મોબાઇલ નંબર ૯૪૧૪૧૨૧૧૭૪, ૭૯૭૮૦૨૦૧૦૯ ના ધારક મહેન્દ્રભાઇ જૈન (રહે.મારૂધર માર્કેટ મૈન મંડીયા રોડ પાલી રાજસ્થાન) ન્યુ ક્લોથ માર્કેટ રાયપુર તેમજ ભગવતી કેમીકલ નામની ટ્રેડીંગ કંપની ખાતેથી ORANGE H2R HC,T BLUE-G કેમીકલ કિમત રૂપિયા ૩,૪૮,૩૫૫/- લઈ જઈ આજદીન સુધી નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.પટેલ ચલાવે છે.

અમરાઇવાડીઃ ઉષાકુંવરબા ડો/ઓ જુવાનસિંહ સિસોદીયા (ઉ.વ.૨૧) (રહે. કૃષ્ણભુવન બળીયાવાસ સ્વામિનારાયણ મંદીરની બાજુમાં અમરાઇવાડી) એ તા.૨૩/૧૨/૨૦૨૧ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ખરીદી કરી પેટીએમથી ઓનલાઈન નાણાં ચુકવતા નાણાં ટ્રાન્સફર નહી થતા પેટીએમ કસ્ટમર કેર નંબર ઉપર ફોન કરી વિગત જણાવતા તા.૦૩/૧૨/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૮૩૧૭૮૯૮૬૬૩ અને ૮૧૦૦૪૩૯૮૬૪ ના ધારકે સર્વર ડાઉન હોવાનુ જણાવી રીફંડ આપવા માટેની પ્રોસેસ કરાવડાવી ઓટીપી નંબર તેમજ એટીએમ કાર્ડના પાછળના ત્રણ આંકડાનો નંબર જાણી લઈ પેટીએમમાં રજીસ્ટ્રેશન થયેલ બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૯૬,૯૬૪/- ઓનલાઇન અલગ-અલગ ટ્રાંજેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.રોજીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૩૩૮/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ પ્રવિણા ઉર્ફે પાયલ વા/ઓ નિમેષ મેર (ઉ.વ.૨૩) (રહે. ત્રીવેણી પાર્ક સોસાયટી સુરધારા સર્કલ પાસે થલતેજ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧૨/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી "ક" વિભાગ ચલાવે છે.

પાલડીઃ ભવ્યા ડો/ઓ અભયભાઈ દલાલ (ઉ.વ.૨૨) (રહે. સમકિત બંગ્લોઝ બેંક ઓફ બરોડાની બાજુમાં ફતેપુરા બ્રાંચ ફતેપુરા પાલડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૨/૨૦૨૧ રાતના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર દીનેશભાઇ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ કિરણબહેન ડો/ઓ દિનેશભાઈ મકવાણા (ઉ.વ.૩૧) (રહે. જુની વસાહત જશોદાનગર) એ બિમારીથી કંટાળી તા.૨૨/૧૨/૨૦૨૧ કલાક ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી વિ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.